# મેરઠમાં ઘરમાં શોર્ટ સર્કિટથી લાગેલી આગમાં પરિવારના છ સભ્યો ભૂંજાયા

**નવજાત** જોડિયાં બાળકીની સાથે જ ચારથી 12 વર્ષની વયના ત્રણ અન્ય બાળકો પણ ભડથૂ થયાં

**ઘરમાં** આગ લાગી ત્યારે પરિવારના મોટા ભાગના પુરુષ સભ્યો રમઝાનની નમાઝ પઢવા ગયા હતા



મેરઠ (યુપી), તા. 24 (પીટીઆઈ): મેરઠના લિસાડી ગેટ વિસ્તારમાં એક ઘરમાં શોર્ટ સર્કિટના કારણે લાગેલી ભીષણ આગમાં એક જ પરિવારના છ સભ્યો જીવતા ભડથું થઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ચાર મહિનાની જોડિયાં બાળકીઓ અને 4થી 12 વર્ષની વયનાં ત્રણ બાળકોનો પણ સમાવેશ થાય છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સોમવારે રાત્રે ઈકબાલ અહેમદના ઘરમાં લાગેલી આગે જોતજોતાંમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગની ઘટના વખતે પરિવારના મોટા ભાગના પુરુષ સભ્યો રમઝાનની નમાઝ પઢવા માટે ગયા હતા, જેના કારણે ઘરમાં રહેલા લોકોને બચવા માટે બહુ ઓછો સમય મળ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, આ પરિવાર ટેલરિંગ અને ઓનલાઈન ગાર્મેન્ટના વ્યવસાય સાથે જોડાયેલો હતો. ત્રણ માળના આ મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર મોટા જથ્થામાં કાપડ રાખવામાં આવ્યું હતું, જેના કારણે આગ અત્યંત ઝડપથી પ્રસરી ગઈ હતી. પરિવારના સભ્ય મોહમ્મદ ફારૂકે જણાવ્યું હતું કે, જ્યારે તેઓ નમાઝ પઢવા ગયા હતા ત્યારે તેમને આગ લાગ્યાનો ફોન આવ્યો હતો. ફારૂકે કહ્યું, ''જ્યારે હું પાછો આવ્યો ત્યારે ઘરની બહાર મોટી ભીડ જમા થઈ હતી. આ આગમાં મારી પુત્રી, મારો પુત્ર, મારા નાના ભાઈની જોડિયાં દીકરીઓ અને તેનો પુત્રનાં મોત થયાં છે. મારી વૃદ્ધ માતા બચી ગયા છે. જોકે આઘાતને કારણે તેમનું બ્લડ પ્રેશર વધી ગયું હતું.''

## પેજ3

# કર્ણાટક હાઈકોર્ટે પોલીસને અભિનેતા રણવીર સિંહ વિરુદ્ધ કડક પગલાં ન લેવા આદેશ આપ્યો



બેંગલુરુ, તા. 24 (PTI): બોલિવૂડ અભિનેતા રણવીર સિંહને રાહત આપતાં કર્ણાટક હાઈકોર્ટે મંગળવારે પોલીસને સ્થાનિક દેવીની કથિત મજાક ઉડાવવા સંબંધિત કેસમાં તેની વિરુદ્ધ કોઈ પણ કડક પગલાં ન લેવા આદેશ આપ્યો છે. ગોવામાં ફિલ્મફેર એવોર્ડ્સ ઇવેન્ટ દરમિયાન, સિંહે 'કાંતારા ચેપ્ટર-1' માં દેવી ચાવુંડીના 'આવેશ'માં જોવા મળતા અભિનેતા-નિર્દેશક રિષભ શેટ્ટીના પાત્રની નકલ કરી મજાક ઉડાવવા બદલ નોંધાયેલી એફઆઈઆર રદ કરવાની તેમની અરજી પર સુનાવણી કરતાં જસ્ટિસ એમ. નાગાપ્રસન્નાની બેન્ચે બેંગલુરુ પોલીસને આ નિર્દેશ આપ્યો હતો. બેન્ચે અભિનેતાને તેના વર્તન માટે ઠપકો પણ આપ્યો હતો અને કહ્યું હતું કે, ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનું સહન કરવામાં આવશે નહીં. કોર્ટે તેને તપાસમાં સહકાર આપવા પણ નિર્દેશ આપ્યો હતો. તેણે ચાવુંડી દેવીને ભૂત તરીકે પણ સંબોધ્યા હતા.

# ધ કેરળ સ્ટોરી-2 ફિલ્મ રાજ્યની છબી ખોટી રીતે રજૂ કરે છે : હાઈકોર્ટ

**રાજ્યના** નામનો ઉપયોગ અને ફિલ્મ સાચી હકીકતો પર આધારિત હોવાનો દાવો તે રાજ્યમાં સાંપ્રદાયિક તણાવ પેદા કરી શકે, કોર્ટે રિલિઝ પહેલા ફિલ્મ જોવાની વાત કરી




કોચી, તા. 24 (પીટીઆઈ): કેરળ હાઈકોર્ટે મંગળવારે 'ધ કેરળ સ્ટોરી 2 - ગોઝ બિયોન્ડ' ફિલ્મ અંગે અવલોકન કરતા કહ્યું હતું કે, આ ફિલ્મ કેરળ જેવા રાજ્યને ખોટી રીતે રજૂ કરે છે જ્યાં દરેક વ્યક્તિ સાંપ્રદાયિક સૌહાર્દ સાથે રહે છે. જસ્ટિસ બેચુ કુરિયન થોમસે અવલોકન કર્યું કે રાજ્યના નામનો ઉપયોગ કરવો અને ફિલ્મ સાચી હકીકતો પર આધારિત હોવાનો દાવો કરવો તે રાજ્યમાં સાંપ્રદાયિક તણાવ પેદા કરી શકે છે. ફિલ્મને મળેલા સાર્વજનિક પ્રદર્શનના પ્રમાણપત્રને રદ કરવાની માગ કરતી ત્રણ અલગ-અલગ અરજીઓ પર સુનાવણી દરમિયાન આ ટિપ્પણી કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે ફિલ્મના નિર્માતાઓ ફિલ્મના ટીઝર પાછા ખેંચવા તૈયાર છે. કોર્ટે સંકેત આપ્યો છે કે તે 27 ફેબ્રુઆરીના રોજ નિર્ધારિત રિલીઝ પહેલા આ ફિલ્મ પોતે જોવા માગે છે.

# ઇરાન સાથે યુદ્ધ પહેલા યુદ્ધ જહાજ પર શૌચાલય માટે લડી રહેલા અમેરિકી સૈનિકો !

**ઇરાન** નજીક તૈનાત કરવામાં આવેલ અમેરિકાના વિમાન વાહક જહાજ 'USS જેરાલ્ડ આર. ફોર્ડ' પર મોટાભાગના શૌચલયો જામ થઇ જવાથી ભારે કઠણ પરિસ્થિતિ



દુબઇ, તા. ૨૪ : ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાનને મળેલી ધમકી બાદ મધ્ય પૂર્વમાં યુદ્ધના નગારા વાગી રહ્યા છે, ત્યારે અમેરિકી નૌકાદળનું અગ્રણી વિમાનવાહક જહાજ એક એવી લડાઈ લડી રહ્યું છે જે નાટ્યાત્મક કરતા જરાય ઓછી નથી. ન્યુક્લિયર પાવરથી ચાલતા 'USS જેરાલ્ડ આર. ફોર્ડ' પર શૌચાલયો જામ થઈ જવા અને ગટર વ્યવસ્થા ઠપ્પ થઈ જવાથી, ત્યાં તૈનાત 4,500 થી વધુ ખલાસીઓનું જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ એ જ જહાજ છે જે અમેરિકાના દરિયાપારના હુમલાઓના ઓપરેશનનું મહત્વનું કેન્દ્ર રહ્યું છે. વાત માત્ર આટલેથી અટકતી નથી. આ યુદ્ધ જહાજની તૈનાતીનો સમયગાળો લંબાવીને હવે આઠમો મહિનો ચાલી રહ્યો છે, જેણે થાકેલા ખલાસીઓની માનસિક મુશ્કેલીઓમાં વધારો કર્યો છે. USS જેરાલ્ડ આર. ફોર્ડ જૂન 2025થી સમુદ્રમાં છે. જાન્યુઆરીમાં, વેનેઝુએલા પરના અમેરિકી હુમલામાં તેણે મહત્વની ભૂમિકા ભજવી હતી. હવે ઈરાન સાથેના તણાવ વચ્ચે આ જહાજને મધ્ય પૂર્વમાં તૈનાત કરવામાં આવ્યું છે, પરિસ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે વિશ્વના સૌથી મોંઘા ગણાતા (13.3 અબજ ડોલરના) આ યુદ્ધ જહાજમાં શૌચાલયો અને ગટર વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. 'વોલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલ અને ખલાસીઓના ઇન્ટરવ્યુ મુજબ, જહાજમાં રહેલા 650 શૌચાલયોમાંથી મોટાભાગના જામ થઇ જવાથી બંધ હાલતમાં છે.

# ચીનમાં ઝૂના 200 સાઇબેરીયન વાઘને સ્વૈચ્છિક ઉપવાસ પર રખાયા

**ફેસ્ટિવલ** દરમિયાન પ્રર્યટકો દ્વારા આ વાઘોને વધુ પડતા ખોરાક અપાયા પછી આ નિર્ણય લેવાયો



બેઇજિંગ, તા. 24 (PTI): ચીનના એક એનિમલ પાર્કમાં આશરે 200 સાઇબેરીયન વાઘને રોટેશનલ 'ઇન્ટરમિટેન્ટ ફાસ્ટિંગ પ્રોગ્રામ' (સ્વૈચ્છીક ઉપવાસ) હેઠળ રાખવામાં આવ્યા છે. કારણ કે, હાલમાં જ પૂર્ણ થયેલા ચાઇનીઝ ન્યૂ યર વેકેશન દરમિયાન પ્રવાસીઓ દ્વારા આ વાઘને વધુ પડતો ખોરાક ખવડાવવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવાયો છે.

સોમવારે પાર્કના અધિકારીઓને ટાંકીને સ્ટેટ રન 'ગ્લોબલ ટાઇમ્સ' દ્વારા અહેવાલ આપવામાં આવ્યો હતો કે, હિલોન્ગજિયાંગ પ્રાંતમાં આવેલા 'સાઇબેરીયન ટાઇગર પાર્ક'માં આ મોટા જંગલી પ્રાણીઓના સ્વાસ્થ્યમાં સુધારો લાવવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે. તહેવારોની સીઝન દરમિયાન પાર્કમાં પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો, જેની સાથે વાઘને ખોરાક ખવડાવવાની પ્રવૃત્તિમાં પણ વધારો થયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આથી ખોરાક સંબંધિત સુધારાત્મક પગલાં લેવા જરૂરી બન્યા હતા. એક જાહેર નોટિસમાં પાર્કે જણાવ્યું હતું કે, વાઘના સ્વાસ્થ્ય અને કલ્યાણને સુરક્ષિત રાખવા માટે તે 31 માર્ચ સુધી આ રોટેશનલ ફાસ્ટિંગ પ્રોગ્રામ લાગુ કરી રહ્યું છે.



# અંદામાન: 7 લોકોને લઈ જતું હેલિકોપ્ટર સમુદ્રમાં તૂટી પડ્યું, તમામનો બચાવ

**ટેક્નિકલ** ખામી સર્જાતાં પાઇલટે સમુદ્ર પર ક્રેશ-લેન્ડિંગ કર્યું

શ્રી વિજયાપુરમ, તા. 24 (PTI): ઉત્તર અને મધ્ય અંદામાન જિલ્લાના રંગતથી મંગળવારે સવારે ઉડાન ભર્યા બાદ બે ક્રૂ મેમ્બર સહિત સાત લોકોને લઈ જતું પવન હંસનું એક હેલિકોપ્ટર સમુદ્રમાં તૂટી પડ્યું હતું અને તે તમામને બચાવી લેવામાં આવ્યા છે. તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, આ અકસ્માત સવારે 9.30 વાગ્યાની આસપાસ જિલ્લાના માયાબંદર ખાતે તેના નિર્ધારિત લેન્ડિંગ પહેલા થયો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું કે, સમુદ્રની વચ્ચેથી બચાવી લેવાયેલા તમામ પાંચ મુસાફરો અને બે ક્રૂ મેમ્બરોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. નાગરિક ઉડ્ડયનના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ''હેલિકોપ્ટર સવારે 9.30 વાગ્યાની આસપાસ સમુદ્રમાં તૂટી પડ્યું હતું. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, કોઈ ટેક્નિકલ ખામી સર્જાઈ હતી અને પાઈલટે સમુદ્ર પર ક્રેશ-લેન્ડિંગ કર્યું હતું.'' અધિકારીએ ઉમેર્યું કે આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. પવન હંસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ''હેલિકોપ્ટરે પોર્ટ બ્લેયરથી સવારે 8.30 વાગ્યે રંગત માટે ઉડાન ભરી હતી. સવારે 9.10 વાગ્યે તેણે માયાબંદર માટે ઉડાન ભરી હતી અને સવારે 9.30 વાગ્યે ઉતરાણ કરવાનું હતું. જોકે, તે રનવેથી 300 મીટર દૂર સમુદ્રમાં તૂટી પડ્યું હતું. તેમાં પાંચ મુસાફરો અને બે ક્રૂ મેમ્બર સવાર હતા. તમામને બચાવી લેવામાં આવ્યા છે અને તેઓ સુરક્ષિત છે.''

# ઝારખંડમાં એર એમ્બ્યુલન્સ તૂટી પડતા 7નાં મોત

**સખત** દાઝી ગયેલા એક દર્દીને હવાઇ માર્ગે રાંચીથી દિલ્હી લઇ જવાતો હતો ત્યારે સોમવારે રાત્રે આ ઘટના બની હતી

**દર્દી**, તેની પત્ની, ડોક્ટર, બે પાયલોટો સહિત તમામના મૃતદેહો મળી આવ્યા



રાંચી, તા. ૨૪(PTI): ઝારખંડમાં સોમવારે રાત્રે એક એર એમ્બ્યુલન્સ તૂટી પડવાની ઘટનામાં આ એમ્બ્યુલન્સમાં મુસાફરી કરી રહેલા દર્દી અને ડોકટર સહિત તમામ સાતના મૃતદેહો મળી આવ્યા છે.

રેડબર્ડ એરવેઝ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સંચાલિત બીચક્રાફ્ટ C90 એર એમ્બ્યુલન્સ રાંચીથી દિલ્હી જઈ રહી હતી, ત્યારે સોમવારે સાંજે સિમરિયાના બરિયાતુ પંચાયત વિસ્તારમાં, જે જંગલની અંદર આવેલો છે, ત્યાં તે ક્રેશ થઈ હતી. આ અકસ્માતમાં બે પાયલોટ સહિત સવાર તમામ સાત લોકોના મોત થયા હતા. ચતરાની સદર હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

અન્ય એક અધિકારીએ જણાવ્યું કે, વિમાને રાંચી એરપોર્ટ પરથી સાંજે ૭.૧૧ કલાકે ઉડાન ભરી હતી અને ૭.૩૦ વાગ્યાની આસપાસ તે ગુમ થયું હતું. રવાના થયાની લગભગ ૨૦ મિનિટ પછી એર ટ્રાફિક કંટ્રોલ સાથે તેનો સંપર્ક તૂટી ગયો હતો. રાંચી એરપોર્ટના ડાયરેક્ટર વિનોદ કુમારે જણાવ્યું હતું કે પ્રતિકૂળ હવામાન દુર્ઘટના પાછળનું સંભવિત કારણ હોઈ શકે છે, જો કે ચોક્કસ કારણ વિગતવાર તપાસ પછી જ જાણવા મળશે.મૃતકોની ઓળખ કેપ્ટન વિકાસ ભગત, કેપ્ટન સવરાજદીપ સિંહ, સંજય કુમાર, ડો. વિકાસ કુમાર ગુપ્તા, સચિન કુમાર મિશ્રા, અર્ચના દેવી અને ધૂરુ કુમાર તરીકે કરવામાં આવી છે. ઝારખંડના રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવાર અને મુખ્યમંત્રી હેમંત સોરેને આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને કહ્યું હતું કે રાજ્ય સરકાર અસરગ્રસ્ત પરિવારોને તમામ શક્ય સહાય પૂરી પાડશે. ઝારખંડના સ્વાસ્થ્ય મંત્રી ઈરફાન અંસારીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આ મામલે તપાસ કરશે કે "પ્રતિકૂળ હવામાન" દરમિયાન વિમાનને ઉડાન ભરવાની મંજૂરી કેવી રીતે આપવામાં આવી.

# કેનેડાના પીએમ માર્ક કાર્ની આવતીકાલે ભારતની મુલાકાતે

ટોરંટો, તા. 24 (એપી): કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની આ અઠવાડિયે ભારત, ઓસ્ટ્રેલિયા અને જાપાનના પ્રવાસે આવી રહ્યા છે. સોમવારે તેમના કાર્યાલય દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ, આ પ્રવાસનો મુખ્ય હેતુ કેનેડાના વ્યાપારને અમેરિકા પરની નિર્ભરતાથી દૂર કરી અન્ય દેશો સાથે વિસ્તારવાનો છે. કાર્ની ગુરુવારે મુંબઈમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ સાથે મુલાકાત કરશે. કેનેડા અને ભારત વચ્ચેના સંબંધો 2023માં કેનેડિયન શીખ કાર્યકરની હત્યાના આરોપોને કારણે તણાવપૂર્ણ રહ્યા હતા, પરંતુ ગયા વર્ષથી બંને દેશો વ્યાપાર કરાર તરફ આગળ વધ્યા છે. વર્ષ 2024માં ભારત કેનેડાનું સાતમું સૌથી મોટું વ્યાપારિક ભાગીદાર રહ્યું હતું. ભારત બાદ કાર્ની ઓસ્ટ્રેલિયા જશે, જ્યાં તેઓ છેલ્લા 20 વર્ષમાં ત્યાંની સંસદના બંને ગૃહોને સંબોધિત કરનારા પ્રથમ કેનેડિયન પીએમ બનશે. ત્યારબાદ તેઓ જાપાનમાં ક્લીન એનર્જી અને ખાદ્ય સુરક્ષા અંગે ચર્ચા કરશે.

# નોએલની શરતોથી ટાટા સન્સના ચેરમેન ચંદ્રશેખરનની પુનઃનિયુક્તિ ઘોંચમાં

**નોએલ** ટાટાએ ગ્રુપની કેટલીક કંપનીઓમાં થતા નુકસાન અને વધતા દેવા અંગે ચિંતા વ્યક્ત કરી

**નોએલ**, ટાટા સન્સના શેરબજારમાં લિસ્ટિંગની પણ વિરુદ્ધ છે

મુંબઈ, તા. 24 (પીટીઆઈ): ટાટા સન્સના બોર્ડમાં મંગળવારે મળેલી બેઠકમાં ચેરમેન એન. ચંદ્રશેખરનની ત્રીજી મુદત માટેની પુનઃનિયુક્તિનો નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો છે. આ નિર્ણય પાછળ ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટા દ્વારા મૂકવામાં આવેલી આકરી શરતો જવાબદાર હોવાનું મનાય છે. ટાટા ટ્રસ્ટ્સ ગ્રુપમાં બે-તૃતીયાંશ હિસ્સો ધરાવે છે, જેના કારણે નોએલ ટાટાનો પ્રભાવ નિર્ણાયક રહ્યો હતો. ચંદ્રશેખરનો વર્તમાન કાર્યકાળ ફેબ્રુઆરી 2027 સુધી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, નોએલ ટાટાએ ગ્રુપની કેટલીક કંપનીઓમાં થતા નુકસાન અને ટાટા સન્સ પર વધતા દેવા અંગે ચિંતા વ્યક્ત કરી છે. સૌથી મોટો વિવાદ ટાટા સન્સના શેરબજારમાં લિસ્ટિંગને (આઈપીઓ) લઈને છે. આરબીઆઈના નિયમો મુજબ ટાટા સન્સે સપ્ટેમ્બર 2025 સુધીમાં લિસ્ટ થવું અનિવાર્ય છે, પરંતુ નોએલ ટાટા લિસ્ટિંગની વિરુદ્ધમાં છે અને તેઓ આ અંગે ચંદ્રશેખરન પાસેથી લેખિત ખાતરી ઈચ્છે છે. બીજી તરફ, ચંદ્રશેખરને સમજાવ્યું હતું કે સરકારી નિયમો મુજબ આવી પાકી ખાતરી આપવી પડકારજનક છે. બોમ્બે હાઉસ ખાતે ચાલેલી આ લાંબી બેઠકમાં બોર્ડના અન્ય ચાર ડિરેક્ટરો ચંદ્રશેખરનની તરફેણમાં હતા અને તેમણે વોટિંગની દરખાસ્ત પણ મૂકી હતી. જોકે, ચંદ્રશેખરને પોતે જ આ વિષયને અત્યારે ટાળવા વિનંતી કરી હતી. ચંદ્રશેખરનના નેતૃત્વમાં ટાટા ગ્રુપની 15 મુખ્ય લિસ્ટેડ કંપનીઓના નફામાં મોટો ઉછાળો આવ્યો છે અને એર ઈન્ડિયા તથા સેમિકન્ડક્ટર જેવા મહત્વના પ્રોજેક્ટ્સ શરૂ થયા છે. હવે આગામી સમયમાં જ્યારે કોઈ ઉકેલ આવશે ત્યારે જ નવી મુદત અંગે નિર્ણય લેવામાં આવશે.

# કેનેડાએ તહવ્વુર રાણાની નાગરિકતા રદ કરવાની પ્રક્રિયા ઝડપી બનાવી

**કાર્નીની** ભારત મુલાકાત પહેલાં 26/11ના માસ્ટરમાઇન્ડ તહવ્વુર રાણાની નાગરિક્તા રદ કરવી એ ભારત-કેનેડા સંબંધો સુધારવાની દિશામાં એક મહત્વનું પગલું

ટોરંટો, તા. 24 (પીટીઆઈ): કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીની ભારત મુલાકાત પહેલાં, કેનેડા સરકારે 2008ના મુંબઈ આતંકી હુમલાના મુખ્ય સૂત્રધાર પાકિસ્તાની મૂળના વેપારી તહવ્વુર રાણાની નાગરિકતા રદ કરવાની પ્રક્રિયા તેજ કરી છે.

64 વર્ષીય રાણા 26/11 હુમલાના કાવતરાખોર ડેવિડ હેડલી ઉર્ફ દાઉદ ગિલાનીનો નજીકનો સાથી છે. રાણા 1997માં કેનેડા સ્થળાંતરિત થયો હતો અને 2001માં તેણે ત્યાંની નાગરિકતા મેળવી હતી. એપ્રિલ 2025માં રાણાને અમેરિકાથી ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યો હતો, જ્યાં ઉતરતાની સાથે જ એનઆઈએ (એનઆઈએ) દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી. રસપ્રદ વાત એ છે કે, કેનેડાનું ઈમિગ્રેશન વિભાગ (આઈઆરસીસી) તેની નાગરિકતા ત્રાસવાદ માટે નહીં, પરંતુ અરજી ફોર્મમાં ખોટી માહિતી આપવા બદલ રદ કરી રહ્યું છે. તપાસમાં જાણવા મળ્યું છે કે 2000માં નાગરિકતા માટે અરજી કરતી વખતે રાણાએ દાવો કર્યો હતો કે તે છેલ્લા ચાર વર્ષથી ઓટાવા અને ટોરોન્ટોમાં રહ્યો છે, પરંતુ વાસ્તવમાં તેણે લગભગ આખો સમય શિકાગોમાં વિતાવ્યો હતો.

# મોદી આજથી ઈઝરાયેલની બે દિવસની મુલાકાતે

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારથી ઈઝરાયેલની બે દિવસીય મહત્વપૂર્ણ મુલાકાતે જશે. મધ્ય-પૂર્વમાં વધી રહેલા તણાવ અને અમેરિકા-ઈરાન વચ્ચેના બગડતા સંબંધો વચ્ચે યોજાનારી આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય દ્વિપક્ષીય સંરક્ષણ અને વ્યાપાર સહયોગને વધુ મજબૂત બનાવવાનો છે. મોદી ઈઝરાયેલની સંસદને સંબોધિત કરશે અને વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ તથા રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગ સાથે બેઠક કરશે. આ મુલાકાત બંને લોકશાહી દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને ફરીથી પુષ્ટિ આપવાની તક પૂરી પાડશે. ખાસ કરીને સંરક્ષણ સહયોગ આ ચર્ચાના કેન્દ્રમાં રહેશે, એમ વિદેશ મંત્રાલયે કહ્યું હતું. ભારત હાલમાં પોતાની સ્વદેશી એર ડિફેન્સ સિસ્ટમ 'સુદર્શન ચક્ર' વિકસાવી રહ્યું છે, જેમાં ઈઝરાયેલની પ્રખ્યાત 'આયર્ન ડોમ' ટેકનોલોજીના અમુક તત્વોને સામેલ કરવાની શક્યતા પર વિચાર થઈ શકે છે.

# કેરળનું નામ બદલીને કેરળમ કરવાના પ્રસ્તાવને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી

**કેરળ** વિધાનસભાએ સર્વાનુમતે ઠરાવ પસાર કરીને નામમાં આ ફેરફારની દરખાસ્ત કરી છે

**આ** દરખાસ્ત કેન્દ્ર સરકારે મંજૂર કર્યા બાદ રાષ્ટ્રપતિની ભલામણ પછી આ માટેનો ખરડો સંસદમાં પસાર કરાવવો પડશે

નવી દિલ્હી, તા. ૨૪(પીટીઆઇ): કેરળ સરકારની પોતાના રાજ્યનું નામ બદલીને કેરલમ કરવાની દરખાસ્તને કેન્દ્રીય મંત્રીમંડળે આજે મંજૂર કરી હતી એમ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું. આ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળ નવા પીએમઓ કોમ્પ્લેક્ષ સેવા તીર્થ ખાતે પ્રથમ વખત મળેલી મંત્રીમંડળની બેઠકમાં લેવામાં આવ્યો હતો. કેન્દ્રીય કેબિનેટે પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં કેરળ રાજ્યનું નામ બદલીને 'કેરળમ' કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે, તેમ વૈષ્ણવે જણાવ્યું હતું. કેન્દ્રીય કેબિનેટની મંજૂરી બાદ, ભારતના રાષ્ટ્રપતિ ભારતીય બંધારણની કલમ 3 ની જોગવાઈ હેઠળ કેરળ રાજ્ય વિધાનસભાને તેના મંતવ્યો વ્યક્ત કરવા માટે 'કેરળ (નામમાં ફેરફાર) ખરડો, 2026' મોકલશે. એક સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર, કેરળ વિધાનસભાના મંતવ્યો પ્રાપ્ત થયા પછી, ભારત સરકાર સંસદમાં કેરળનું નામ 'કેરળમ' કરવા માટે 'કેરળ (નામમાં ફેરફાર) ખરડો, 2026' રજૂ કરવા માટે રાષ્ટ્રપતિની ભલામણ મેળવશે. કેરળ વિધાનસભાએ 24 જૂન, 2024 ના રોજ કેરળનું નામ બદલીને 'કેરળમ' કરવા માટે એક ઠરાવ પસાર કર્યો હતો. કેરળ વિધાનસભાના ઠરાવમાં જણાવાયું હતું કે, મલયાલમ ભાષામાં અમારા રાજ્યનું નામ 'કેરળમ' છે. 1 નવેમ્બર, 1956 ના રોજ ભાષાના આધારે રાજ્યોની રચના કરવામાં આવી હતી.

# એન્ડ્રુને લગતા ગુપ્ત દસ્તાવેજો જારી કરવા યુકેના સાંસદોની મંજૂરી

**એન્ડ્રુની** વ્યાપાર દૂત તરીકે નિમણૂક કરાઇ હતી તે સંબંધિત દસ્તાવેજો ખુલ્લા મૂકવામાં આવશે

લંડન, તા. 24 (AP): બ્રિટનની 'હાઉસ ઓફ કોમન્સ' દ્વારા મંગળવારે પૂર્વ પ્રિન્સ એન્ડ્રુની વ્યાપાર દૂત તરીકેની નિમણૂક સંબંધિત દસ્તાવેજો જાહેર કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂરી મૌખિક મતદાન દ્વારા આપવામાં આવી હતી. આ દસ્તાવેજો ક્યારે જાહેર થશે તે હજુ અસ્પષ્ટ છે, કારણ કે ગયા અઠવાડિયે જ પૂર્વ પ્રિન્સની જાહેર હોદ્દા પર ગેરરીતિના શંકાસ્પદ આરોપસર ધરપકડ કરવામાં આવી હતી. સરકારે સ્પષ્ટ કર્યું છે કે તે આ તપાસમાં કોઈ દખલ કરવા માંગતી નથી. વિરોધ પક્ષ 'લિબરલ ડેમોક્રેટ્સ'ના નેતા અને આ પ્રસ્તાવ રજૂ કરનાર ધારાસભ્ય એડ ડેવીએ દલીલ કરી હતી કે હવે પારદર્શિતાનો સમય આવી ગયો છે.ડેવીએ ચર્ચાની શરૂઆત કરતા કહ્યું હતું કે, ઘણી રીતે, વ્હાઇટ હાઉસ અને સિલિકોન વેલીથી લઈને ઓસ્લો અને પેરિસ સુધી ફેલાયેલું આ પ્રથમ ખરા અર્થમાં વૈશ્વિક કૌભાંડ છે, પરંતુ તે એક ઊંડું બ્રિટિશ કૌભાંડ પણ છે જે સીધું બ્રિટિશ વહીવટીતંત્રના ઉચ્ચ સ્તરો સુધી પહોંચે છે. ચર્ચા પછી ધ્વનિ મતથી મંજૂરી અપાઇ.

કિંગ ચાર્લ્સ III ના નાના ભાઈ, જેમને ગયા વર્ષે એપ્સટાઈન સાથેના તેમના સંબંધોના ખુલાસાને કારણે તેમના રાજકુમારના ખિતાબથી વંચિત કરી દેવામાં આવ્યા હતા, તેમની ગયા અઠવાડિયે સાર્વજનિક પદ પર ગેરરીતિની શંકાના આધારે ધરપકડ કરવામાં આવી હતી.

# ઈન્દૌર ભગીરથપુરામાં ફરી સ્વાસ્થ્ય સંકટ : દૂષિત ભોજનથી છ હોસ્પિટલમાં

ઈન્દૌર, તા. 24 (પીટીઆઈ): ઈન્દૌરના ભાગીરથપુરા વિસ્તારમાં દૂષિત ખોરાક ખાવાથી છ વ્યક્તિઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે આ એ જ વિસ્તાર છે જે અગાઉ દૂષિત પાણીને કારણે ફાટી નીકળેલા ઝાડા-ઊલટીના રોગચાળાનું કેન્દ્ર રહ્યો હતો, જેમાં સત્તાવાર રીતે 22 લોકોના મોત થયાં હતાં. મુખ્ય તબીબી અને આરોગ્ય અધિકારી ડો. માધવ હસાનીએ જણાવ્યું કે, શનિવારે રાત્રે ભાગીરથપુરામાં એક જન્મદિવસની પાર્ટીમાં અંદાજે 60 લોકોએ ભોજન લીધું હતું. ત્યારબાદ રવિવારે કેટલાક લોકોની તબિયત બગડી હતી. અમુક લોકોને સારવાર આપવામાં આવી હતી અને સાવચેતીના ભાગરૂપે 6 લોકોને સરકારી મહારાજા યશવંતરાય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં સારવાર બાદ તેમની હાલત સ્થિર છે.


મહાત્મા ગાંધી દ્વારા ૧૯૨૦માં સ્થાપિત

**ગૂજરાત વિદ્યાપીઠ**

આશ્રમ માર્ગ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

**સાર્થ ગૂજરાતી જોડણીકોશ**

સાર્થ ગૂજરાતી જોડણીકોશની નવી સંવર્ધિત આવૃત્તિનું કામ ચાલી રહ્યું છે. ગુજરાતી ભાષાપ્રેમીઓ, સાહિત્યકારો અને અન્ય ક્ષેત્રના વિદ્વાનોને આ સાથે નવા શબ્દો મોકલવા માટે અમે ટહેલ નાખીએ છીએ. હાલમાં સાર્થ ગૂજરાતી જોડણીકોશમાં ન હોય એવા નવા શબ્દો એના સંદર્ભ સહિત મોકલવા વિનંતી.

જોડણીકોશ

સમયમર્યાદા : ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી

સરનામું: સંયોજક, કોશ કાર્યાલય, પ્રાણજીવન વિદ્યાર્થી ભવન, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ, અમદાવાદ

Email : kosh@gujaratvidyapith.org

તા. ૨૪/૦૨/૨૦૨૬ | સંપાદક: અરવિંદ ભાંડારી, ભાષાવિજ્ઞાની | કુલસચિવ

ક્રમાંક/સંમાનિ/અમદ/૨૦૦૫/૨૦૨૬



**ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન**

**Indian Institute of Teacher Education**

A State Public University Established by Government of Gujarat

**National Common Entrance Test (NCET)**

**ધોરણ-૧૨ પછી સ્નાતક પ્રવેશ જાહેરાત-૨૦૨૬**

NCTE માન્ય ચાર વર્ષીય ITEP પ્રોગ્રામ

| પ્રોગ્રામ | વિષય | તબક્કો | બેઠક |
| --- | --- | --- | --- |
| બી.એસસી.-બી.એડ. | મેથેમેટિક્સ, ફીજીક્સ, કેમેસ્ટ્રી, બોટની | મિડલ | 50 |
| | | સેકન્ડરી | 50 |
| બી.એ.-બી.એડ. | અંગ્રેજી, ગુજરાતી સંસ્કૃત | મિડલ | 50 |
| | | સેકન્ડરી | 50 |

ઓનલાઇન પ્રવેશ પરીક્ષા

NTA દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ NCETનું આયોજન

રજીસ્ટ્રેશન તારીખ: 12-02-2026 to 10-03-2026

પરીક્ષા તારીખ: 17-04-2026 (સંભવિત)

ઓનલાઈન અરજી અને માહિતી પુસ્તિકા માટે www.exams.nta.nic.in/ncet/

REGISTER NOW

સરનામું : ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિર પાસે, સેક્ટર-૧૫, ગાંધીનગર

પૂછપરછ માટે : વેબસાઈટ : www.iite.ac.in | ઈ-મેઈલ : admission2026@iite.ac.in | મોબાઈલ નં : 99784 00697

iitegandhinagar | માહિતી માટે

માહિતી / ૨૦૨૫-૨૬ / ૧૭૫૫